# <u>કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરણેજ અને સૃષ્ટી સંસ્થા, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે ટેરેસ ગાર્ડનીંગ વિષય પર મિશન “લાઈફ” અંતર્ગત શિબિર યોજાઈ</u>

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આકૃયુ, અરણેજ અને સૃષ્ટિ સંસ્થા, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડો. કે. બી. કથીરિયાના માર્ગદર્શન હેઠળ સૃષ્ટિ સંસ્થાના પ્રાંગણમાં **“મિશન લાઈફ”** અંતર્ગત શિબિર યોજાઈ. આ શિબિરમાં સૃષ્ટિ સંસ્થા અમદાવાદ તરફથી ભારતીય પ્રબંધન સંસ્થાન, અમદાવાદના પ્રોફેસર અનીલ ગુપ્તા, કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો. કે. ડી. ગુલકરી, વૈજ્ઞાનિક (પા.સં.) ડો. એન. કે. રાઠોડ, ડો. ડી. જે. રંગપરા તેમજ ડો. હીના ચાવડા દ્વારા વિષયને અનુરૂપ પ્રેરક માહિતી પ્રદાન કરવામાં આવી. આ શિબિરમાં અમદાવાદ શહેરના વિવિધ ક્ષેત્રોના અગ્રણીઓ જેવા કે તબીબ, સી.એ., બિલ્ડર્સ વગેરે મળી કુલ ૩૯ શહેરીજનોએ સહર્ષ ભાગ લઇ ટેરેસ ગાર્ડનીંગ અંગે માહિતગાર થઇ તેમજ આગામી દિવસોમાં પોતાની જરૂરિયાત પુરતી વિવિધ શાકભાજી તેમજ શુશોભનના છોડ પોતાના ઘેર જ ઉછેરવાની તત્પરતા દાખવવામાં આવી. કાર્યક્રમના અંતે આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા ઉત્પાદિત વિવિધ શાકભાજીના બિયારણોનું ઉપસ્થિત તાલીમાર્થીઓમાં નિઃશુલ્ક વિતરણ કરી “મિશન લાઈફ” ને સાર્થક કરવા પ્રતિબધ્ધતા દર્શાવવામાં આવી.





